સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

એમની રાક્ષસી ખાયકી લોહું પણ ચાવી જાય!
ઉંચાઈ બ્હાને આ 'વૅંતિયા' દોહું પણ ચાવી જાય!
પચાવી જાય, પેટની ભઠ્ઠી પાવડા ને તગારાં -
લોખંડી પુરુષનું એ મોહું પણ પચાવી જાય!

હાઈકુ

છૂપાવે 'સ્વ'ને
આદર્શ ની આડમાં -
વામણા નેતા...

લે છે ટાઢક
સિદ્ધાંતો ને છાંયડે
ઠીંગુજી નેતા...

ચિંતન

વિશોક આનન્દધનો વિપશ્ચિત્ સ્વયં કૃતનિશ્ચિનન્ન વિભેતિ કશ્ચિત્ ।
નાડ્યોસ્તિ પન્થા ભવભન્ધમુક્તે ર્વિના સ્વતત્વાવગમં મુમુક્ષોઃ ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

શોકરહિત અને આનંદધન કોઈ વિદ્વાન પોતે કોઈથી ડરતો નથી. મોક્ષ પામવા ઈચ્છનાર માટે તત્ત્વરૂપ આત્માના જ્ઞાન વિના સંસારના બંધનથી છૂટવાનો બીજો કોઈ માર્ગ નથી.

જીવન મુક્તિનું પરમ રહસ્ય એ જ જ્ઞાન. ભૌતિક સુખોમાં સાચો આનંદ નથી. આ જ્ઞાન એ જ દિવ્ય જ્ઞાન છે. વિદ્વાનોને આ જ્ઞાન હોઈ કોઈથી રોગ કે રાજાથી ડરતો નથી તેથી જ તે 'મુક્ત' છે. એને સંસારમાં કોઈ જ બંધન બાંધી શકતા નથી.

સુવિચાર

- મેરે અબોં કો તલાશના બંધ કર દેંગે લોગ.. મૈં તોહફે મેં અગર ઉન્હે આઈના દે દૂં - **અલ્તાફ પટેલ**
- પાકેલાં ફળમાં કીડા ઊછરે તેમ દરેક માણસમાં મૃત્યુ ઊછરતું રહે છે - **જોગી જસદણવાળા**
- સંબંધ મારો એની સાથે વારસાઈ છે, આ દુઃખ તો મારું નિકટનું માસીયાઈ છે - **ફેસબુક**
- ખંભા જરા ઝુકેલા છે... ચાલ પણ હવે ધીરી પડી છે... ત્યારે પીઠ પર હળવો ધબ્બો મારી, તમને ટટ્ટાર કરી દે એને કહેવાય 'દોસ્ત' - **દાન વાઘેલા**
- જેના હૃદયમાં ધર્મ સ્થિર થયો હોય તેની વિચારધારા એવી હોય કે, મને મળેલું દુઃખ કોઈને ન મળે, અને મને મળેલું સુખ બધાને મળે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે વસ્તુ તમને ચેલેન્જ કરી શકે છે, એ જ તમને ચેન્જ કરી શકે છે - **બેપ્સી એન્જિનીયર**
- આજનું ઔષધ : નયના કોઠે અજમાનું નવશેકું પાણી પીવાથી ડાયાબિટીશથી બચી શકાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ફ્રાંસના વિખ્યાત શિલ્પી ડોનાટેલો ફ્રાંસના ફલોરેન્સમાં રહેતા હતા. તેમને ફ્રાન્સના પિસા શહેરમાં આવીને મૂર્તઓ બનાવવાનું સરકાર તરફથી કહેવામાં આવ્યું. ડોનાટેલો પિસા રહેવા ગયા. ત્યાં રહી તેમણે સરકારની ઈચ્છા પ્રમાણે મૂર્તિઓ બનાવી એ શિલ્પના પિસાના લોકોએ ખૂબ વખાણ કર્યા. ડોનાટેલોની ખૂબ પ્રશંસા થઈ પણ તેમણે પિસા શહેરમાં કોઈ ટીકા કરવા વાળું મળ્યું નહીં. જાણે તેમનો પિસા શહેરમાં દમ ઘુંટાવા લાગ્યો. આથી એક દિવસ તેઓ પાછા ફલોરેન્સ રહેવા જતા રહ્યા. ફલોરેન્સમાં પણ તેમના ચાહકો ઘણા હતા પણ એમના ટીકાકારો પણ હતા. ડોનાટેલોને મળવા પિસાથી તેમના ચાહકો ફલોરેન્સ આવ્યા અને કહ્યું, 'આપ અચાનક પિસા છોડી ફલોરેન્સ શું કામ આવ્યા ? તમારી આ બહુ મોટી ભૂલ છે. અને અહીંયા તમને પિસા જેટલી પ્રશંસા અને કીર્તિ નહીં મળે.' ડોનાટેલો એ ચાહકોને સમજાવતા કહ્યું, 'મને પિસા પણ ખૂબ વ્હાલું શહેર છે. પણ મને લાગ્યું કે ત્યાંના ચાહકોની એકધારી પ્રશંસાને કારણે જો હું વધુ વખત પૈસા રોકાઈશ તો વખાણના બોજ તળે દબાઈ જઈશ. મારી કલાનો વધુ વિકાસ કરવાની તક હું ગુમાવી દઈશ. અને અહીંયા ફલોરેન્સમાં મારી કળાના ટીકાકારો ને કારણે મારી ભૂલોને દૂર કરવા હું સતત પ્રયત્નો કરું છું.' આ ટીકાકારોની વચ્ચે રહેવા જ હું પાછો ફલોરેન્સમાં આવ્યો છું.

ગોગોઈ પ્રકરણે નિષ્પક્ષ નિર્ણય જરૂરી છે

તંત્રીસ્થાનેથી...

શ્રીનગરમાં મેજર ગોગોઈએ ફરજ દરમિયાન દાખવેલ બેદરકારી અને સ્થાનિક યુવતી પર બળજબરી કરવાની બાબત ખીણ વિસ્તારમાં જ નહીં બલકે બહારની દુનિયામાં પણ ચર્ચાનો વિષય બની હતી. આખરે ભારતીય સ્થળ સેનાએ એમની સામે કોર્ટ ઑફ ઈન્કવાયરી નીમી એમનો કોર્ટ માર્શલ કરવાની ફરજ પડી છે. સેના માટે એના ચુસ્ત નીતિનિયમોનું પાલન અત્યંત મહત્ત્વની બાબત બની રહે છે. એમાં નાનું સરખું પણ છિદ્ર ચલાવી લેાય તો કાળક્રમે આખી સેનામાં ગેરશિસ્ત અને અરાજકતાનું વાતાવરણ ફેલાય અને એની અસર છેક નીચલી કેડરના સૈનિકો સુધી પહોંચતા ઘણું મોટું નુકશાન થઈ જાય. આથી આર્મીના જાંબાઝ અધિકારી તરીકે ઉમદા છાપ ધરાવતા ગોગોઈ પણ આવા નૈતિક અધઃપતનના ગુનામાં સંડોવાય ત્યારે એમને કઠોર સજા કરવી જ પડે, એ સમયનો તકાદો બની રહે છે. ભારતીય લશ્કર આવા ગુનાઓને ખૂબ જ ગંભીર ગણે છે અને ગુનેગારની વરદી ઉતારી દઈ એને ઉદાહરણ રૂપ સજા કરે છે. જયારે લશ્કરના જવાનો પર માથા ફરેલા કાશ્મીરી જવાનિયા આતંકવાદીઓના સફાયા વિરુદ્ધ જંગે ચડી ખુલ્લેઆમ મેદાનમાં ઊતરી આવ્યા હતા અને જીવનું જોખમ વહોરીને પથ્થરમારો કરતા હતા ત્યારે મેજર ગોગોઈએ એમનો જડબાતોડ જવાબ આપતા હોય એ રીતે આર્મીની જીપ આગળ સ્થાનિક યુવાનને બાંધીને સોપો પાડી દીધો હતો. એ કૃત્ય બદલ સેનામાં એને શાબાશી પણ મળી હતી. અલબત્ત, કેન્દ્ર સરકારે કાશ્મીરના પથ્થરબાજ યુવાનો પર ગોળીબાર નહીં કરવાની કડક સૂચના આપેલ હોઈ એમની સાથે કુનેહપૂર્વક કામ લેવું પડે એમ હતું. અનેક જવાનો પથ્થરમારાથી લોહીલુહાણ થતા હતા છતાં આર્મીના હાત બાંધેલા હતા. તે સમયે મેજર ગોગોઈએ ભરબાજાર વચ્ચે જીપ આગળ સ્થાનિક યુવકને બાંધીને જીપ દોડાવી એથી પથ્થરમારો કરનારાઓ દહેશતમાં આવી ગયા હતા. આ ઘટના બદલ મેજર ગોગોઈને ટીકાનો ભોગ પણ બનવું પડેલું પરંતુ એમની આ કામગીરી બદલ ઉપરી લશ્કરી અફસરોએ એમની પીઠ થાબડી હતી, એમને સન્માન બક્ષ્યું હતું. હવે જયારે એ જ મેજર ગોગોઈ કાશ્મીર કી કલી સાથે રંગરાગ માણવા એને શ્રીનગરની હોટલમાં લઈ જાય છે ત્યારે આર્મી માટે દેખીતી રીતે જ તેમનો બચાવ કરવાનું મુશ્કેલ બની જાય છે. હોટેલમાં હોબાળો મચી જતાં એમની ધરપકડ થાય છે અને આર્મીના વડા જનરલ બિપિન રાવતને જાહેરમાં નિવેદન આપવાની ફરજ પડે છે કે જો ગોગોઈ કથિત ગુનામાં સંડોવાયેલા જણાશે તો એમની સામે કડકમાં કડક કાર્યવાહી કરાશે જેથી રેન્ક એન્ડ ફાઈલમાં એક યાદગાર દાખલો બેસે. આર્મી માટે આ પ્રકારનું શિસ્તપાલન જરૂરી છે. કાશ્મીર ખીણમાં ભારતીય લશ્કર બેરહેમીપૂર્વક જુલમ ગુજારતું હોવાના આક્ષેપો છેક યુનાઈટેડ નેશન્સ સુધી થતા રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે થતી ફરિયાદને લાંબો વખત નજર અંદાજ કરી શકાતી નથી. કાશ્મીરની પ્રજાને જોરજુલમપૂર્વક ભારત સાથે રાખવાના પ્રયાસો થઈ રહ્યા હોવાના આરોપો વચ્ચે મેજર ગોગોઈ સામેની કોર્ટ માર્શલની કાર્યવાહી એક ઢાલનું કામ જરૂર કરશે. પરંતુ એથી પ્રશ્નનો ઉકેલ મળી જવાનો નથી. આ સમગ્ર કિસ્સા તમામ પાસાઓની તપાસ બાદ નિર્ણય લેવાય તે જરૂરી છે. સરહદ પરના જવાનોનું મનોબળ પણ જળવાવું જોઈએ. સાથોસાથ શિસ્ત પણ એટલી જ અનિવાર્ય છે.

...રખડેલ છોકરાઓના લોહીનો રંગ પણ લાલ જ છે

નવાં કલેવર
નટવર હેડાઉ

'સાંભળો છો, આજ મારે વહેલા જવું પડશે.'

'કેમ શું થયું ?' બાથરૂમમાંથી અનિલે પૂછ્યું.

'કાલે તમને વાત તો કહેલી, આજ ફોરેનની પાર્ટી સાથે મારે મીટીંગ છે.'

'હાં... હાં... યાદ આવ્યું, સારું તું નીકળ મારે વાર લાગશે. ઑલ ધ બેસ્ટ.'

રીમા ખભે પર્સ ભરાવી ઝડપથી બહાર નીકળી. કારમાં બેઠી અને સ્ટાર્ટ કરી.

રીમાની કાર શહેરની પહોળી સડક પર દોડવા લાગી. થોડે જ આગળ ગઈ હશે ત્યાં અચાનક બ્રેક લગાવવી પડી. બે આખલા લડતા લડતા રસ્તાની બિલકુલ વચ્ચે આવી ગયા હતા. ગુસ્સામાં તે રાતીપીળી થઈ ગઈ. તેણે કાંડા પરની ઘડિયાળમાં નજર કરી. ઘડિયાળનો કાંટો જાણે કે ઝડપભેર આગળ વધી રહ્યો હતો. તે કારની સ્પીડ વધારવા માંગતી હતી પણ ટ્રાફિક વધી ગયો હતો. તેમાં આડેધડ બાઈકો અને રીક્ષાઓ અડચણ ઊભી કરી રહ્યા હતા. રસ્તા વચ્ચે બેઠેલ ગાયોને કારણે સાચવીને ચલાવવાની કોશિષમાં પણ ઝડપમાં ઘટાડો થતો હતો તેમ તેમ તેનું ટેન્શન વધતું જતું હતું. હાશ ! માંડ ઑફિસે પહોંચાયું. તે ઑફિસ પાર્કિંગની પાસે પહોંચી. પાર્કિંગમાં જગ્યા ન હતી. તેમાં તેણે છોકરાઓને બેદરકારીપૂર્વક જેમ તેમ ગાડીઓ ઊભી રાખતાં જોઈ તેનો ગુસ્સો આસમાને પહોંચી ગયો.

'કોણ જાણે કેમ આ રખડેલ છોકરાઓને તેનાં મા-બાપે સંસ્કાર જ આપ્યા નથી એવું લાગે છે. પાર્કિંગને ધાંધલ ધમાલનો અડ્ડો જ બનાવી દીધો છે.'

છોકરાઓ બેપરવાહ રીતે મસ્તી કરી રહ્યા હતા.

કોણ જાણે આ છોકરાઓના બાપને ખબર હશે કે નહીં કે તેઓ અહીં ગુલ ખીલાવી રહ્યા છે.

'આજ રપટ જાયેં તો હમેં ના ઉઠાઈયો...'

ફાટેલા વાંસની જેમ રાગ આલાપતા આ બધા પોતાને એ.આર. રહેમાન સમજી રહ્યા છે...

મારાં છોકરાઓ આવા હોત તો હું તેમને ઉંધા લટકાવી ફટકારત.

આ દુષ્ટો ગેંડા જેવી ચામડીના છે. બડબડ કરતી તે આગળ વધી રહી હતી કે અચાનક પુરપાટ ઝડપે બાઈક સવારે તેને છક્કો મારી પર્સ ઝપટી લઈ ભાગ્યો.

જયારે તેને ભાન આવ્યું ત્યારે તેની સામે નર્સ અને ડૉકટર હતા. તેમની આજુબાજુ પાર્કિંગમાં હતા તે રખડેલ છોકરાઓને જોઈ ને કંઈ બોલે તે પહેલાં તેમનામાંથી એક છોકરો બોલ્યો.

'તમે પાર્કિંગમાં બેભાન થઈ ગયા હતા. લોહી પણ ઘણું વહી ગયું હતું. અમે અહીં લઈ આવ્યા. મારું બ્લડ મેચ આવી ગયું. હવે તમને કેમ છે ?'

હવે રીમાને ખબર પડી કે રખડેલ છોકરાઓના લોહીનો રંગ પણ લાલ જ છે.

સંબંધોમાં તિરાડ, પહેલ અને એ જ હમસફર, એ જ યાત્રા, નવા જ સ્વરૂપે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

આપણાં દેશનાં ભારત અને પાકિસ્તાન એમ બે ભાગલા પડ્યા પછી બંને દેશનાં વડાઓ વચ્ચે શાંતિ માટેની મંત્રણાઓ ઘણી વાર યોજાઇ ગઈ છે. સ્વ. અટલબિહારી બાજપાઈજીની કેન્દ્રમાં સરકાર હતી ત્યારની એક ઘટના પ્રચલિત છે. સન. ૨૦૦૧ની સાલમાં અટલજીએ કેબિનેટની મીટિંગ બોલાવી. એ મીટીંગનો મુસદ્દો(એજન્ડા) એક જ હતો કે 'આગ્રા સમિટ' સ્વરૂપે પાકિસ્તાનનાં વડા મુશર્રફને શાંતીવાર્તામાટે નિમંત્રણ આપવા મટે ચર્ચા કરવી. મીટિંગમાં પ્રસ્તાવ મૂકાયો અને ચર્ચા શરૂ થઈ. પ્રધાનમંડળનાં ઉપસ્થિત લગભગ બધા જ સભ્યોએ એક જ સૂરમાં કહ્યું કે મુશર્રફ જેવા આપખૂદશાહી અને યુધ્ધખોર વડાને શાંતીવાર્તા માટે, સુલેહ કરવા માટે નિમંત્રણ આપવાની ભૂલ ક્યારેય ના કરાય. બધાએ કહ્યું કે મુશર્રફ આપણાં દેશ માટે એક વિલન છે, આપણો કટ્ટર દુશ્મન છે. તેની જ નિગરાની અને રાહબરી નીચે કારગિલનું યુધ્ધ શરૂ થયું હતું અને આપણાં જવાનો શહીદ થયા હતા. મુશરફ વિરુધ્ધ શક્ય એટલા તમામ દાખલા અપાયા, દલીલો થઈ. કેબિનેટના બધા જ સભ્યોએ એક જ વાત ઉપર ભાર મૂક્યો કે મુશર્રફ ઉપર ક્યારેય, કોઈ જ પ્રકારનો વિશ્વાસ મૂકી ના શકાય.

શ્રી અટલજીએ બધા જ સભ્યોને શાંતિથી સાંભળ્યા. લગભગ બે કલાકની ચર્ચા દરમ્યાન અટલજી ભાગ્યે જ કેટલાક શબ્દો બોલ્યા. બધા સભ્યોનું બોલવાનું પૂરું થયું પછી અટલજી બે વાક્યો બોલ્યા; ''આપકો શાંતી ચાહીએ તો આપ કિસસે બાત કરેંગે? દોસ્તસે યા દુશ્મનસે? હું મુશર્રફને નિમંત્રણ આપું છુ અને મારા આ નિર્ણયની સંપૂર્ણ જવાબદારી પણ હું જ લઉં છું.'' આમ કહીને તેઓ ઊભા થઈ ગયા અને મીટીંગનો રૂમ છોડીને ચાલ્યા ગયા.

માનવીનું મન ક્યારેય સ્થિર નથી રહી શકતું. માનવીનું મન જો સ્થિર હતો માનવી પોતાનાં મન પ્રત્યે બેફિકર બની જાત અને પોતાના મનને સ્થિર રાખવા માટે ક્યારેય વિચાર જ ના કર્યો હોત.

માનવીય સંબંધોનું પણ એવું જ છે. કોઈ જ પ્રકારના માનવીય સંબંધો સાશ્વત નથી. માનવીય સંબંધો પણ ક્યારેય સ્થિર રહી શકતા નથી. માનવીના મનની જેમ માનવીય સંબંધો પણ સતત હાલક-ડોલક થયા જ કરે છે. બધા જ સંબંધો જો સાશ્વત હોત, સ્થિર હોત તો તેને સાચવવા માટે, તેને નિભાવવા માટે કોઈ જ પ્રકારના પ્રયત્નો કરવાની જરૂરિયાત ઊભી ના થઈ હોત. સંબંધો અસ્થિર છે. સંબંધોમાં ચડાવ આવ્યા જ કરે છે. દરેક સંબંધોમાં તડકી-છાંયડી આવ્યા કરે છે તેથી જ સંબંધોને સાચવવાની, પંપાળવાની, તેને સંવારવાની જરૂર પડતી હોય છે.

કોઈપણ સંબંધો આપણાથી જ્યારે રૂઠી જાય, આપણાથી રિસાઈ જાય ત્યારે તેને રિઝવવા કે મનાવવા પડે છે. એક ઝરણાની જેમ વહી જતાં સંબંધોમાં વમળો સર્જાય છે ત્યારે એ વમળોને શાંત કરવાની જરૂર પડે છે. પરસ્પર સમજણથી વિકસતા સંબંધોમાં ક્યારેક નાની એવી વાતથી પણ ગેરસમજ ઊભી થઈ જતી હોય છે. રેલગાડી ક્યારેક અચાનક પાટા ઉપરથી ઉતરી જાય છે એમ નાની એવી ગેરસમજથી સંબંધોની ગાડી પણ પાટા ઉપરથી અચાનક ઉતારી જાય છે ત્યારે એ સંબંધોને ફરી પાછા સમજણનાં પાટા ઉપર લાવવા જરૂરી બને છે. બે વ્યક્તિઓને ખૂબ જ બનતું હોય પણ એક નાનો એવો અણબનાવ બંને વચ્ચે દિવાલ ઊભી કરી શકે છે. એ સમયે કાં તો એ દિવાલને કૂદી જવી પડે અને કાં તો એ દિવાલનો ધ્વંશ કરીને બંને વચ્ચેના અંતરાયો દૂર કરવા પડે. આમ કોઈપણ સંબંધો, કોઈપણ કારણસર જ્યારે આપણાથી દૂર ચાલ્યા જાય ત્યારે તેને નજીક લાવવાની જવાબદારી અને ફરજ આપણી પોતાની જ બને છે. આપણાથી દૂર ચાલ્યા ગયેલા સંબંધો અને સંબંધીઓ આપણી નજીક આવવા માટે પહેલ કરશે એવી રાહ જોઈને બેસી રહીએ તો કદાચ એ પળ ક્યારેય નહીં આવે અને એમ ને એમ જિંદગી પૂરી થઈ જશે અને એ સંબંધો પણ આપણાં હાથમાં ક્યારેય નહીં આવી શકે.

જે સંબંધોમાં તીરાડો પડી હોય, જે સંબંધોમાં ઊંડી ખાઈ પડી હોય, તો અટલજીના શબ્દોમાં 'બાત તો ઉસીસે હી કરની પડેગી.' આપણે એ સંબંધો વચ્ચે ખાઈ પાડવાના કારણો શોધીએ કાઢીએ અને પછી એ ખાઈ પૂરવાનું આયોજન કરીએ. સંબંધો ખરાબ થવાના કારણોના મૂળમાં જઈએ. જે કોઈ પ્રકારની ગેરસમજણ ઊભી થઈ હોય તેને શોધી કાઢીએ અને એ ગેરસમજણ દૂર કરવા માટે, બંને વચ્ચે જે દીવાલ ઊભી થઈ ગઈ હોય એ દિવાલને તોડવા માટે માનસિક રીતે ભૂમિકા બાંધીએ, પછી રૂબરૂ મળીએ, વાતચીત કરીએ અને સતત પ્રયત્ન કરતાં રહીએ. આમ કરવાથી ચોક્કસ પરિણામો આવી શકે છે. આપણે કોઈ જ પ્રયત્ન કરવાને બદલે માત્ર હાથ જોડીને બેસી રહીશું તો એ ખાઈ પુરાવાને બદલે વધારે ઊંડી બનતી રહેશે, એ દીવાલ તૂટવાને બદલે વધારે ઊંચી અને મજબૂત બનતી રહેશે. આખરે વધારે-ઓછું પણ નુકશાન બંને પક્ષને થશે.

દૂર થઈ ગયેલા સંબંધોમાં જ્યારે સામસામે બેસીને બંને વચ્ચે પડેલી ગૂંચને ઉકેલવાનો પ્રયત્ન કરીએ ત્યારે ભૂતકાળને ના ખોતરીએ. ભૂતકાળને સતત ખોતરવાથી તેમાથી નક્કર કશું જ નહીં નીકળે પણ માત્રા ફોતરીઓ જ ખર્યા કરશે. વાતચીત કરીએ ત્યારે મેં શું કર્યું હતું અને તેં શું કર્યું હતું, મેં શું કહ્યું હતું અને તેં શું કહ્યું હતું, તારે શું કરવું જોઈતું હતું અને મારે શું કરવું જોઈતું હતું એવી દલીલબાજી કરવાથી અને દાખલાઓ આપ્યા કરવાથી કોઈ જ પ્રકારના નિષ્કર્ષ ઉપર ના આવી શકીએ. એમ કરવાથી સંબંધો સુધારવાને બદલે કદાચ વધારે બગડી પણ જાય અને આપણને વધારે નિરાશા મળે એવું પણ બને.

સંબંધોને ઉકેલવા માટે જ્યારે મળ્યા જ હોઈએ ત્યારે એવી ચર્ચા કરીએ કે '' હવે આપણે શું કરવાનું છે.'' બંને માંડીને વાત કરીએ, ગઈ ગુજરીને તદ્દન ભૂલી જઈએ તો અને તો જ સકારાત્મક પરિણામો આવી શકે. આમ કરવા માટે રૂબરૂ જ મળવુ પડે. રૂબરૂ મળવાનું વ્યવસ્થિત આયોજન કરવું પડે. માનસિક રીતે પૂર્વતૈયારી કરવી પડે, વાતચીતની રૂપરેખા તૈયાર કરવી પડે અને આ બધુ કર્યા પછી જ મુલાકાતનો દૌર શરૂ કરી શકાય. એક-બે મૂલકાતોથી કદાચ પ્રશ્નનો હલ ના થાય એવું પણ બને તો એકથી વધારે મૂલકાતો કરવાની પણ તૈયારી રાખવી પડે. (ક્રમશઃ)

કૃત્રિમ બૌદ્ધિકતાની પ્રગતિ શું જીવનને બદલશે?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

એકવીસમી સદી શરૂ થઈ ત્યારથી ઝડપ શબ્દ ખુબ ગતિશીલ બન્યો અને સમયની રફતારમાં પ્રત્યેક માણસ રોજ ગૂંચવાતો જાય છે. માણસ ઈચ્છાઓનું ટોપલું કે પોટલું છે ! ઈચ્છાઓની પૂર્તિ કરવા પ્રયાસો કરવા એ તદ્દન સહજ જ કહી શકાય પરંતુ પ્રયાસોની ઝડપ વિશે કોઈ એક મત વ્યક્ત થઈ શખે એમ નથી. મતિ અનુસાર પ્રયાસોની ગતિ હોય છે. માનવ જીવનને આમૂલથી પરિવર્તન કરવા માટે જે શોધખોળ થઈ રહી છે તેમાં જયારથી જીવન તથા જીવન સંલગ્ન બાબતોમાં જબરો બદલાવ ઊભો થયો છે! માણસની તંદુરસ્તી મુખ્યત્વે તેની ખુશ રહેવાની માનસિકતા ઉપર જ વધુ અવલંબે છે, નહીં કે માત્ર સારું ખાવા-પીવાની - બાબતો ઉપર જ ! વિશ્વમાં સ્પર્ધા વધી, વસ્તી વધી, વ્યવહારો વધ્યાં, પ્રદૂષણ વધ્યું અને આ બધામાં જીવન આનંદ જ ખત્મ થઈ ગયો છે. ડિજિટલ દુનિયા બની ત્યારથી કાર્યસંતોષ જતો રહ્યો એક છત નીચે કામ કરતા કર્મચારીઓ બહુ ઉત્સાહથી ગુડ મોર્નિંગ કહેવામાંથી પણ હટતા



ગયા છે !! બધુ જ જાણે યાંત્રિક થતું જાય છે જેમાં સંવેદનાનો કોઈ સૂરજ નથી. રોબોટ આવી ચૂક્યા છે તે હોટેલોથી લઈને હોસ્પિટલોમાં કામ કરે અને બધી જ સહાયતા કરશે એટલે માનવ જીવનનું ચિત્ર ઉંધું થઈ ગયું છે. માનવી મશીન્સ થતા જાય છે એ બહુ ચિંતનનો વિષય છે. મશીન્સ માનવ જેવાં બનાવ્યા પણ કોણે ? બુદ્ધિમતાથી સર્જન કરનાર માનવી જ છે છતાં આ સર્જન બેહદ ઘાતક છે. માણસ એકાદશી કરે નવરાત્રીના અનુષ્ઠાન કરે કે ઉપવાસ કરે છે નહીં કે રોબોટ. ઈશ્વરની બધી કૃતિઓમાં માણસ તેની સર્વોત્તમ સજીવ કૃતિ છે એને તેને તોડવાના પ્રયાસોને આપણે જ વિકાસ કે પ્રગતિ એવા નામથી બિરદાવીએ છીએ. માનવ સંસ્કૃતિ ઊભી થાય પરંતુ મશીન્સ સંસ્કૃતિ હોઈ શકે જ નહીં. વેદના અને સંવેદનાથી જ સમાજ જીવંત રહી શકે છે!

વિકાસની દોડમાં મૂલ્ય અને નિષ્ઠા જો ભૂલી જવાતા હોય તો કદી વિકાસ પામી શકાતો નથી. કૃત્રિમ બૌદ્ધિકતા એ માનવ સર્જિત ઉપકરણોની એક શૃંખલા માત્ર છે એ ભવિષ્યમાં ઘણી સમસ્યાઓ સર્જશે તે નક્કી છે. ડિજિટલ વિશ્વ મોટી ભ્રામકતાની જાળ છે જેનો આધાર આકાશમાં તરત ઉપકરણો છે. નેટ નથી તો આજનો માણસ મનોમન દુઃખી થઈ જાય છે. મોબાઈલ સાથે જીવનના શ્વાસો જોડવાં એ છેવટે આપત્તિજનક જ બનવાનું છે, સોશિયલ મીડિયામાં બધા કૂદી પડ્યા છે જે સારું કહી શકાય? પ્રશ્ન ઉપર ચિંતન આવશ્યક છે. કાર્યના સમયે આ મોટું વિઘ્ન ઊભું થઈ ગયું છે.

લત છોડાવવાના કેન્દ્રો વિદેશોમાં શરૂ થઈ ચૂક્યા છે. જીવનના મૂળભૂત આધાર કયા હતાં? ગામડાની કૃષિ, નિર્મળ નદી, હરિયાળા પર્વતો, ચોખ્ખી હવા, નિર્દોષ મન, અને વ્યવહારો... પરંતુ આ બધાને આપણે જ સોથ વાળી દીધો છે. આર્ટિફીસીયલ ઈન્ટેલિજન્સ ઉપર બહુ જ ચર્ચાઓ થઈ રહી છે. જેમાં માનવ સર્જીત ખ્યાલો રહેલા છે બીજુ એ બધાની સાથે ચેડા પણ થઈ રહ્યા છે. ત્રીજી ભાવિ ઉજ્જવળ દેખાતું નથી. ચોખું નેટ આધારિત માધ્યમોમાં વિકૃતિઓ તો ભળી જ ગઈ છે. ઉપરાંત નાના ભૂલકાઓથી વયસ્ક લોકો બ્લ્યુ વેઈલ ગેમ્સનો ભોગ બન્યા હવે મોમો ગેઈમનાં કારણે આપઘાતનો પ્રથમ કિસ્સો ભારતમાં સામે આવ્યો છે.

ઈમોશનલ ઈન્ટેલિજન્સ એ માનવીય અહેસાસ - ભાવનાઓ સાથે જોડાયેલી વાત છે જયારે કૃત્રિમ બૌદ્ધિકતા એ માનવે બનાવેલી એવી ચીજો છે જે નકારાત્મક બાબતોને ઝડપથી ખેંચી લે છે ! સ્વયં નિષ્ઠાથી પોતાના કર્મ કરી ઈશ્વરને યાદ કરી જીવે તો કદી કોઈ ખોટ ખામી કે ખેદ ઊભો થઈ શકતો નથી કારણ કે આ કર્મયોગનું ફળ છે. શ્રૃતિ અને સ્મૃતિ બહુ જ ઉમદા બાબતો છે જેના ઉપર માનવ ધર્મ ટકે છે. બનાવટી ચીજો જે માર્કેટમાં આવે છે કે આવતી રહી છે તેનાથી કદી કોઈ સંતોષનું સર્જન થયું છે ખરું? ઈન્ટરનેટ અંતે એક દિવસ પૂરા વિશ્વને વિનાશમાં ધક્કો મારશે જ ! સાચાની કદર અને સન્માનથી આપણે ભટકી ગયા છીએ.

મહાભારતના સમયે પણ સંજય પાસે બધું જ જોઈ શકવાની દૃષ્ટિ હતી અને રામાયણના પ્રસંગો બતાવે છે કે વિમાનનું અસ્તિત્વ તે કાળમાં પણ હતું. ઉપકરણો નવા આવી શકે પરંતુ સમાજ તેને કઈ રીતે ઉપયોગમાં લે છે તેના પરથી ભાવિ નક્કી થાય છે. કુદરતે આપેલી જબરી યાદશક્તિને આજે આપણે ખત્મ કરી છે કારણ બધા જ જાણે છે. કૃત્રિમતા એ સહજ જીવનનો હિસ્સો હોતો નથી.

કૃત્રિમ ચીજોના લીધે માનવ જીવન દર્દ દુઃખોથી છલકાઈ રહ્યું છે અને આવું કરનારા માને છે કે કમાણી પરિશ્રમ વિના મળી રહી છે !! નેટ એડિકશનથી પરિણામો ઘાતક મળી રહ્યા છે. રોબોટ ગમે તેવા બનાવીએ પણ એમાં માનવીય ગુણો કદી ઉમેરાઈ જતા નથી. ચોક્કસ હેતુઓ માટે એ સાર્થક હોઈ શકે એમ કે યુદ્ધ અથવા ચિકિત્સા. ભારતમાં જીવતા લોકો પ્રેમ, હૂંફ, સ્નેહ, સહાય માટે ઝંખતા રહે છે કે આપી શકતા નથી, બધું કમાણીના ત્રાજવે જ તોલવામાં આવે છે. સર્વ દિશાઓમાંથી શુભત્વ પ્રાપ્ત થાઓ એ પ્રાર્થના સાચી જણાય છે.

શેર આસ્વાદ :

ઘાયલ જીવનમાં આમ તો આરામ પણ હતો.
પણ એ હતો હરામ અને લઈ શક્યા નહીં.

(અમૃત 'ઘાયલ')